# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૫ તા.૦૯-૦૧-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ટ્રીગર ઈવેન્ટના આયોજન બાબત.
સંદર્ભ :- સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ અ.મ્યુ.કો.નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શહેરના નાગરિકો કચરો ઘેર-ઘેરથી સુકો કચરો અને ભીનો કચરો અલગ અલગ કરીને આપવામાં આવે તે માટે સોર્સ સેગ્રીગેશન અભિયાન( ટ્રીગર ઈવેન્ટ)નો સંદર્ભિત પત્ર મુજબ આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૯-૦૧-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# ટ્રીગર ઈવેન્ટ - સોર્સ સેગ્રીગેશન અભિયાનનો ઝોનવાઈઝ એક્શન પ્લાન

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**<u>શહેરનાં નાગરિકો કચરો ઘેર-ઘેર થી સૂકો અને ભીનો કચરો છૂટો કરી અલગ-અલગ આપવામાં આવે તે માટે સોર્સ સેગ્રીગેશન અભિયાન (ટ્રીગર ઈવેન્ટ)નાં આયોજન અંગેની વિગત</u>**

- સૂકો અને ભીનો મુજબ અલગ-અલગ કરી આપે તે માટેની માહીતી આપવા માટે (તારીખ નક્કી કરવી) દિવસ લોકોનાં ઘરે-ઘરે જઈને સમજ આપવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશને કાર્યક્રમ હાથ ધરવો.
- સો.વે.મે., એન્જીનીયરીંગ, એસ્ટેટ, ટેક્ષ, હેલ્થ, મલેરીયા, ફુડ, હોસ્પિટલ, અર્બન સેન્ટરો, આંગણવાડી, નગર પ્રાથમિક સમિતી,રીવરફ્રન્ટ, પુસ્તકાલયો સહિતનાં તમામ વિભાગોનાં કર્મચારીઓ - અધિકારીઓએ ઘરે-ઘરે જઈને લોકોને આ વિષે સમજ આપે.

**<u>કાર્યક્રમોની રૂપરેખા :</u>**

**સમય** : કાર્યક્રમનાં દિવસે સવારે ૭ થી રાત્રીનાં ૧૦ વાગ્યા સુધી

<u>ટીમની વિગત</u>

| | |
|---|---|
| હેડ ઓફ મોનીટરીંગ | • ઝોનલ ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી |
| ટીમ લીડર | • જે-તે વોર્ડમાં આસી.મ્યુનિસિપલ કમિશનરશ્રી |
| ટીમ મેમ્બરો | • સો.વે.મે<br>• ઇજનેર<br>• આંગણવાડી<br>• યુ.સી.ડી<br>• મલેરીયા<br>• હેલ્થ વિભાગ<br>• એસ્ટેટ/ટેક્ષ/વહીવટ<br>• ગાર્ડન |

# જુદા-જુદા વિભાગોના ટીમ મેમ્બરોની ઝોન વાઇઝ માહીતી

| અધિકારી/ કર્મચારીની સંખ્યા | East | West | North | South | Central | NWZ | SWZ | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| સો.વે.મે | 58 | 60 | 57 | 45 | 50 | 36 | 28 | **334** |
| સફાઈ કામદારો | 1250 | 1660 | 1500 | 1800 | 1800 | 1300 | 1000 | **10310** |
| ડોર ટુ ડોર વાહનો પરના ડ્રાયવરો - લેબરો | 298 | 310 | 270 | 260 | 220 | 214 | 162 | **1734** |
| ઇજનેર | 67 | 70 | 66 | 60 | 54 | 34 | 22 | **373** |
| આંગણવાડી / યુ.સી.ડી_SHG | 804 | 558 | 908 | 802 | 720 | 254 | 222 | **4268** |
| મલેરીયા | 93 | 120 | 89 | 96 | 46 | 75 | 68 | **587** |
| હેલ્થ વિભાગ | 80 | 45 | 35 | 41 | 22 | 20 | 18 | **261** |
| એસ્ટેટ/ટેક્ષ/વહીવટ | 43 | 70 | 100 | 76 | 56 | 43 | 40 | **428** |
| ગાર્ડન | 115 | 180 | 65 | 135 | 100 | 120 | 140 | **855** |
| Grand Total | | | | | | | | **19150** |

| સમય | કાર્યક્રમની વિગત | EZ | WZ | NZ | SZ | CZ | NWZ | SWZ | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **સવારે ૭ થી ૮** | શહેરનાં તમામ બાગ-બગીચાઓમાં અધિકારી-કર્મચારીઓ દ્વારા આવનાર શહેરીજનોને સેગ્રીગેશન માટે સમજ આપશે. | 23 | 36 | 13 | 27 | 20 | 24 | 28 | **171** |
| **સવારે ૮ થી ૧૦** | ડોર ટુ ડોર કલેક્શન માટે બનાવવામાં આવેલ પી.ઓ.આઇ. ઉપર અધિકારીઓ-કર્મચારીઓ હાજર રહી ડોર ટુ ડોરનાં વાહનોમાં સૂકો-ભીનો કચરો અલગ-અલગ આપવા આવનાર ગૃહિણી-ઘરમાલીક-નોકરને સમજ આપશે. | 3464 | 4687 | 2969 | 4614 | 1765 | 2449 | 2225 | **22173** |
| **સવારે ૧૦ થી ૧૨** | શાકભાજી માર્કેટોમાં ફેરીયાઓ, શાકભાજીવાળા અને પાથરણાવાળાઓની ગ્રુપ મિટીંગ કરી સેગ્રીગેશન અંગે સમજ આપશે. | 32 | 46 | 24 | 33 | 18 | 22 | 16 | **191** |

| સમય | કાર્યક્રમની વિગત | EZ | WZ | NZ | SZ | CZ | NWZ | SWZ | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બપોરે ૧ થી ૪ | વાણીજ્ય વિસ્તારમાં જુદા જુદા વેપારી મંડળો તેમજ મોટા મોલ, શોપીંગ કોમ્પ્લેક્ષ ઉપર મીટીંગ કરી સેગ્રેગેશન અંગે સમજ આપશે. | 441 | 546 | 220 | 348 | 217 | 162 | 101 | **2035** |
| | ધાર્મિક સ્થાનો પરથી સેગ્રીગેશન અંગેના મેસેજ અપાવવા | 46 | 42 | 75 | 146 | 120 | 4 | 35 | **468** |
| સાંજે ૫ થી ૭ | હોટલ – રેસ્ટોરન્ટો સહિતનાં ખાણી-પીણીનાં એકમો કચરો છુટો પાડે તેની સમજ તેમજ નિદર્શન આપશે અને ધાર્મિક સ્થળો ઉપર મીટીંગ કરી સેગ્રેગેશન અંગે સમજ આપશે. | 233 | 820 | 167 | 169 | 148 | 492 | 269 | **2298** |
| સાંજે ૭ થી ૧૦ | શહેરમાં આવેલ મોટી સોસાયટીઓ / વિસ્તારોમાં સમુહ ચર્ચા કરી સમજ આપવા માટે મિટીગનું આયોજન કરશે. | 149 | 155 | 135 | 130 | 110 | 108 | 81 | **868** |

આ ઉપરાંત અન્ય વિભાગો દ્વારા નીચે મુજબથી કામગીરીનું આયોજન કરવાનું થાય :

**<u>રીવરફ્રન્ટ :</u>**

- **રીવરફ્રન્ટનાં ગાર્ડનોમાં સૂકા-ભીના કચરાને અલગ-અલગ એકત્ર કરવા માટેનાં ડસ્ટબીન ટેબ્લો મુકવા. (હાલ ફલાવર શો માં મુકેલ છે.**
- પ્રોજેક્ટ વિસ્તારમાં સેગ્રીગેશન બાબતે નાગરીકોમાં જન-જાગૃતિ આવે તે હેતુસર ગાર્ડનના મુખ્ય ગેટ પાસે, ઈવેન્ટ ગ્રાઉન્ડ, ટોઈલેટ બ્લોક, પબ્લીકની અવર-જવર વધારે રહેતી હોઈ તેવી વિવિધ જગ્યાઓ, સરદારબ્રીજ સાયકલીંગ પોઈન્ટ, ગુજરી બજાર વિગરેમાં બેનર્સ લગાવવા.
- રીવરફ્રન્ટની અને અટલ બ્રીજની પી.એ.સિસ્ટમોમાં સેગ્રીગેશનની સમજુતી આપતી ઓડીયો ક્લીપ વગાડવી.
- તમામ બોટીંગ ઓપરેટર્સ ત્થા અન્ય કોન્ટ્રાક્ટરો સાથે કચરાના સેગ્રીગેશન બાબતે મીટીંગ કરવી અને તેઓના તાબા હેઠળ કામગીરી કરતા કર્મચારીઓને કચરાના સેગ્રીગેશન કરવા માટે માહીતગાર કરીને કામગીરીનો અમલ.
- તમામ ફુડ કોર્ટ અને દુકાનોમાં વાદળી અને લીલા કલરના ડસ્ટબીન ફરજીયાતપણે રાખવા તેમજ કચરાનું સેગ્રીગેશન થાય તેનું પાલન કરાવવું. સૂકા કચરાને કબાડીવાળાને આપવાની વ્યવસ્થા ગોઠવવી.
- ગુજરી બજારમાં આશરે ૧૨૦૦ જેટલા થડા(વેપારીઓ)ના સંચાલકોને સેગ્રીગેશન કરવા માટે જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટેના પેમ્ફલેટસનું વિતરણ કરવું
- ગુજરી બજાર ખાતે દર રવિવારે આશરે ૧૦૦૦૦ જેટલા જેટલા ગ્રાહકો ખરીદી કરવા આવતા હોઈ ગુજરી બજારના એસોસીએશનના કર્મચારીઓ અને ગુજરી બજારના વેપારીઓ દ્વારા આવનાર ગ્રાહકોને કચરાનું સેગ્રીગેશન કરવા માટે પ્રેરીત કરવા.
- સૂકા કચરાને કલેકટ કરી રીસાયકલ કરવા એમ.આર.એફ. પર મોકલવા અંગે વ્યવસ્થા ગોઠવવી.

**હોસ્પિટલ વિભાગ:**

- હોસ્પિટલોમાં સારવાર માટે આવતા દર્દીઓનાં સગાઓને સૂકા-ભીના મુજબ કચરો અલગ-અલગ ડસ્ટબીનમાં નાંખવા માટે સમજુત કરવાનાં કાર્યક્રમો

**પુસ્તકાલય વિભાગ :**

- શહેરમાં આવેલ તમામ લાયબ્રેરીઓ પર વાંચન માટે આવતા નાગરીકોમાં સેગ્રીગેશનનો મેસેજ પહોંચાડવામાં આવશે.

**કાંકરીયા લેક ફ્રન્ટ વિભાગ :**

- કાંકરીયા લેકફ્રન્ટની પી.એ.સિસ્ટમોમાં સેગ્રીગેશનની સમજુતી આપતી ઓડીયો ક્લીપ વગાડવી
- લેકફ્રન્ટની મુલાકાતે આવતા નાગરીકોને સૂકો-ભીનો કચરો અલગ-અલગ ડસ્ટબીનમાં જ નાંખવા માટે જણાવવું
- કીડસ્ સિટી ખાતે બાળકો પાસે સૂકા-ભીના કચરાનાં સેગ્રીગેશન માટેની વિવિધ એક્ટીવીટી માટે અલગથી વ્યવસ્થા કરવી

**બી. આર.ટી.એસ.વિભાગ :**

- બી.આર.ટી.એસ. બસમાં મુસાફરોને આપવામાં આવતી ટિકીટો પર સેગ્રીગેશન માટેનાં મેસેજ પ્રિન્ટ કરી જાગૃતિ કેળવવામાં આવશે.
- સેગ્રીગેશન માટેનાં પોસ્ટરો પણ લગાવવામં આવશે.

**સ્કુલ બોર્ડ :**

- તમામ સ્કુલો તેમજ કોલેજો (પ્રાઈવેટ/કોર્પોરેશન) ના પ્રીન્સીપાલોની ટ્રેનિંગ કરવી અને પ્રીન્સીપાલો દ્વારા શિક્ષકો અને શિક્ષકો દ્વારા તમામ વિધાર્થીઓ સુધી મેસેજ પહોંચાડવો.
- નાગરીકોમાં સેગ્રીગેશન માટે જાગૃતિ લાવવા સારૂ શાળા-કોલેજોનાં બાળકોનો સહયોગ લઇ ચિત્રસ્પર્ધા, નિબંધ સ્પર્ધા યોજવી.
- શાળા-કોલેજોનાં વિર્ધાર્થીઓ દ્વારા જાહેર સ્થળો પર સેગ્રીગેશન અંગેની સમજ આપતા રેલી તેમજ અન્ય જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવા.